ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

# ગુજરાત રાજ્યના વિવિધ પ્રદેશોમાં વસ્તીનાં જુદાં જુદાં પાસાઓનો વિશ્લેષણાત્મક અભ્યાસ

જોષી દર્શના ગોવિંદજીભાઈ

**(M.A., Ph.D Scholar, G-Slet Qualified)**

## 1. પ્રસ્તાવના

વસ્તીએ અર્થશાસ્ત્રની ભાષામાં ઉત્પાદનનું એક મહત્વનું સાધન છે . પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મંતવ્ય પ્રમાણે શ્રમ એક જ એવું ઉત્પાદનનું સાધન છે . જે નવી વસ્તુઓનું ઉત્પાદન કરી શકે છે . જ્યારે અન્ય ઉત્પાદનના સાધનો માત્ર તેનું હસ્તાંતરણ કરે છે. અર્થાત અર્થશાસ્ત્રમાં શ્રમનું ખુબ મહત્વ રહેલું છે. પરંતુ વસ્તી ઉત્પાદનમાં ઉપયોગી થાય તો તે આર્થિક વિકાસમાં વધારો કરી શકાય છે. પરંતુ અતિ વસ્તી એ અર્થતંત્રને નુકસાન પહોચાડે છે. તેમજ તેની સાથે સાથે અનેક બીજી સમસ્યાઓ પણ ઉત્પન્ન થાય છે . ટૂંકમાં, વસ્તી ઉત્પાદનનું સાધન છે કે આર્થિક વિકાસને અવરોધ ઉભો કરનાર પરિબળ તે આ અંગે અભ્યાસ કરવો ખૂબ જ આવશ્યક છે . વિશ્વની વસ્તી વર્તમાનમાં આઠ અબજના આંકડાને પાર કરી ચૂકી છે. વિશ્વમાં સૌથી વધુ વસ્તી ધરાવનાર દેશ ચીન છે ત્યારબાદ બીજા ક્રમે ભારત દેશ આવે છે. વિશ્વની વસ્તીના કુલ 17.5 ટકા જેટલી વસ્તી ભારતમાં રહે છે . જ્યારે વિશ્વની કુલ જમીનના ચાર ટકા જેટલી જમીન ભારત પાસે છે . જેના આધારે કહી શકાય કે , ભૌગોલિક જરૂરીયાતો કરતાં વસ્તીનું પ્રમાણ વધારે છે . જેથી અનેક પ્રકારની સમસ્યાઓ ઉત્પન્ન થાય છે . આ સમસ્યાઓનો સામનો ભારતે સતત કરવો પડે છે . તેથી સમગ્ર વિશ્વમાં સૌપ્રથમ કુટુંબ નિયોજન કાર્યક્રમનો અમલ ભારત સરકારે કર્યો હતો . આમછતાં , પણ આઝાદી સમયે ભારતની કુલ વસ્તી માત્ર 36 કરોડની હતી તે વર્તમાનમાં 121 કરોડ ને પણ પાર કરી ગઈ છે. જે અનેક ગણો વધારો દર્શાવે છે. ઉત્તરપ્રદેશ સૌથી વધારે વસ્તી ધરાવતું રાજ્ય છે. વસ્તીની દ્રસ્તીયે ગુજરાતનું સ્થાન સમગ્ર ભારતમાં દસમુ છે. જયારે વસ્તીગીચતાની દ્રસ્તીયે ગુજરાત રાજ્યનું સ્થાન 14 મુ છે.ગુજરાત રાજ્ય વર્તમાનમાં સમગ્ર ભારતમાં એક મોડેલ રાજ્ય છે.

## 2. ગુજરાતની વસ્તીની વર્તમાન સ્થિતિ

1લી મે, 1960ના રોજ બૃહદ મુંબઈમાંથી ગુજરાત રાજ્ય અને મહારાષ્ટ્ર રાજ્ય એમ બે અલગ અલગ રાજ્યની સ્થાપના કરવામાં આવી. ગુજરાત રાજ્યનાની સ્થાપના બાદ પ્રથમ વસ્તી ગણતરી 1961માં કરવામાં આવી હતી . ત્યારે ગુજરાતની કુલ વસ્તી 10633902 હતી. ત્યારબાદ ગુજરાત રાજ્યની વસતીમાં સતત વધારો થયો છે . છેલ્લે 2011માં ભારતમાં વસ્તીગણતરી ની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી . 2011ની વસ્તીગણતરી અનુસાર સમગ્ર ભારતનું કુલ વસ્તી 121 કરોડ થી હતી. તેમાં ગુજરાત રાજ્યની કુલ વસ્તી 60439692 હતી. જેમાં 31491260 પુરુષો અને 28948432 સ્ત્રીઓ હતી. વસ્તી ગણતરી 2011માં ગુજરાત રાજ્યમાં કુલ 26 જિલ્લાઓ, 225 તાલુકાઓમાં 348 નગરો અને 18225 ગામડાઓ હતા. જે 2001ની તુલનાએ 106 નગરોનો ગુજરાત રાજ્યમાં વધારો થયો છે. વર્તમાનમાં ગુજરાતના 33 જિલ્લાઓ છે તેમજ 250 તાલુકાઓ છે. ગુજરાત રાજ્યની કુલ વસ્તીના

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

લગભગ 30 ટકા જેટલી વસ્તી અમદાવાદ, સુરત અને વડોદરા એમ ત્રણ જિલ્લા ધરાવે છે . તેમજ 50 ટકા જેટલી વસ્તી અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, બનાસકાંઠા, ભાવનગર અને જૂનાગઢ એમ સાત જીલ્લાઓ ધરાવે છે . અર્થાત્ ગુજરાત રાજ્યની કુલ વસ્તીમાં આ જિલ્લાઓ સૌથી વધુ વસ્તી ધરાવતા જિલ્લાઓ છે . જોકે અમદાવાદ જિલ્લો સૌથી વધુ વસ્તી ધરાવે છે. જયારે ડાંગ જિલ્લો સૌથી ઓછી વસતી ધરાવે છે . ગુજરાત રાજ્યમાં સ્થાપના સમયે શહેરી વસ્તીનું પ્રમાણ 25.1 ટકા હતો જ્યારે વર્તમાનમાં તે વધીને 42.6 ટકા થયું છે. જે ભારતના શહેરી વસ્તી કરતા વધારે છે.

**ગુજરાત રાજ્યની વસ્તી- 2011 પ્રમાણે**

| | |
|---|---|
| કુલ વસ્તી | 60439692 |
| વસ્તી વૃદ્ધિ (2001-11) | 19.2 |
| સાક્ષરતા(`000માં) | 41093 |
| સાક્ષરતા (%) | 78.0 |
| વસ્તી ગીચતા* | 308 |
| શહેરી વસ્તી(આંકડામાં) | 25745083 |
| ગ્રામિણ વસ્તી(આંકડામાં) | 34694609 |
| જાતિ ગુણોત્તર પ્રમાણ | 931 |
| મુખ્ય કામદાર<br>સીમંત કામદાર<br>બિન-કામદાર | 20365374<br>4402373<br>35671945 |

## 3. સંશોધન અભ્યાસના હેતુઓ

3.1 ભારતની તુલનાએ ગુજરાત રાજ્યની વસ્તી વૃદ્ધિ દરને તાપાડવો.

3.2 ગુજરાત રાજ્યની વસ્તીની વર્તમાન પરિસ્થિતિનું ચિત્ર રજુ કરવું.

3.3 ગુજરાત રાજ્યના વિવિધ પ્રદેશોમાં વસ્તીના જુદા જુદા પાસાઓનો અભ્યાસ કરવો.

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

## 4. સંશોધન અભ્યાસની પદ્ધતિ

પ્રવર્તમાન સમસ્યાઓના સમાધાન માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી સંશોધનની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. સંશોધન એ જ્ઞાનમાં વધારો કરવા માટે જુદી જુદી સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરે છે. જેમાં ઐતિહાસિક+ સંશોધન પદ્ધતિ, વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ તેમજ પ્રાયોગિક સંશોધન પદ્ધતિનો સમાવેશ થાય છે. પ્રસ્તુત અભ્યાસમાં વર્ણ\નાત્મક સંશોધન પદ્ધતિમાંથી સર્વેક્ષણ સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત લેખમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## 5. ગુજરાતની વસ્તીનું પ્રદેશ અનુસાર વિશ્લેષણ

| પ્રદેશ | જે-તે પ્રદેશ અંતર્ગત જિલ્લાઓની સંખ્યા | વસ્તી | ભૌગોલિક સ્થિતિ |
|---|---|---|---|
| સૌરાષ્ટ્ર અને કચ્છ | 8 | 17536402 | 110057 |
| દક્ષિણ ગુજરાત | 6 | 12065010 | 22268 |
| ઉત્તર ગુજરાત | 5 | 11054979 | 31972 |
| મધ્ય ગુજરાત | 5 | 17164234 | 24950 |
| પૂર્વ ગુજરાત | 2 | 2619067 | 6997 |
| ગુજરાત | 26 | 60439692 | 196244 |

સામાન્ય રીતે ગુજરાત રાજ્યને પાંચ વિભાગમાં વિભાજીત કરીને અભ્યાસ હાથ ધરવામાં આવે છે. ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય કે, ગુજરાત રાજ્યના કુલ 26 જિલ્લાઓને વિભાજીત કરી જુદા જુદા પાંચ પ્રદેશો તૈયાર કરવામાં આવ્યા છે. અહીં તમામ પ્રદેશોની વસ્તી રજુ કરવામાં આવેલ છે. સૌથી વધારે વસ્તી સૌરાષ્ટ્ર અને કચ્છમાં છે જયારે સૌથી ઓછી વસ્તી પૂર્વ ગુજરાતમાં રહે છે. તેમજ ભૌગોલિક રીતે પણ સૌથી વધારે વિસ્તાર સૌરાષ્ટ્ર અને કચ્છ ધરાવે છે. જયારે સૌથી ઓછો વિસ્તાર પૂર્વ ગુજરાત ધરાવે છે.

**જુદા જુદા પ્રદેશોની વસ્તી અને મૃત્યુની કુલ સંખ્યા**

ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

| પ્રદેશ | વસ્તી | મૃત્યુની સંખ્યા |
|---|---|---|
| સૌરાષ્ટ્ર અને કચ્છ | 17536402 | 89049 |
| દક્ષીણ ગુજરાત | 12065010 | 65294 |
| ઉત્તર ગુજરાત | 11054979 | 45645 |
| મધ્ય ગુજરાત | 17164234 | 122029 |
| પૂર્વ ગુજરાત | 2619067 | 12063 |

ઉપરોક્ત માહિતીને આધારે કહી શકાય કે, વસ્તી સૌરાષ્ટ્ર અને કચ્છમાં હોવા છતાં મૃત્યુની સંખ્યા મધ્ય ગુજરાતમાં સૌથી વધારે છે. તેમજ સૌથી ઓછી સંખ્યા પૂર્વ ગુજરાતમાં છે.

**જુદા જુદા પ્રદેશોમાં સ્થળાંતર અને વસ્તીગીચતા વચ્ચેનો સંબંધ**

| પ્રદેશ | સ્થળાંતર | વસ્તીગીચતા |
|---|---|---|
| સૌરાષ્ટ્ર અને કચ્છ | 6631442 | 1762 |
| દક્ષીણ ગુજરાત | 1968216 | 3201 |
| ઉત્તર ગુજરાત | 898711 | 1896 |
| મધ્ય ગુજરાત | 1774970 | 3327 |
| પૂર્વ ગુજરાત | 200055 | 586 |


VIDHYAYANA

ઉપરોક્ત કોષ્ટકમાં ગુજરાત રાજ્યના જુદા જુદા પ્રદેશોના સ્થળાંતરના પ્રમાણ અને વસ્તીગીચતા વચ્ચેના સહસંબંધને દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. સૌથી વધારે સ્થળાંતર સૌરાષ્ટ્ર અને કચ્છમાં હોવા છતાં તે વસ્તીગીચતામાં ચોથા સ્થાને છે. અને પ્રથમ સ્થાને મધ્ય ગુજરાત છે.

| | *સ્થળાંતર* | *વસ્તીગીચતા* |
|---|---|---|
| સ્થળાંતર | 1 | 0.086617 |
| વસ્તીગીચતા | 0.086617 | 1 |

સ્થળાંતર અને વસ્તીગીચતા વચ્ચે ધનાત્મક સંબંધ છે. પરંતુ તે સંબંધ ખુબ નબળો જોવા મળ્યો છે. અહીં સહસંબંધ r=0.086617 પ્રાપ્ત થયો છે જેની વધારે સમજુતી માટે એક આકૃતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે નીચે પ્રમાણે છે.


ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal




**ભારતની તુલનાએ ગુજરાત રાજ્યની સાક્ષરતાનું પ્રમાણ(ટકામાં)**

| વર્ષ | ભારત | ગુજરાત |
|---|---|---|
| 1971 | 34.5 | 37 |
| 1981 | 43.6 | 44.9 |
| 1991 | 52.2 | 61.3 |
| 2001 | 64.8 | 69.1 |
| 2011 | 73 | 78 |

ઉપરોક્ત કોષ્ટકના આધારે કહી શકાય કે, ભારતની તુલનાએ ગુજરાત રાજ્યમાં હંમેશા સાક્ષરતાનું પ્રમાણ વધારે રહ્યું છે. જો કે, બંને વચ્ચે મોટો તફાવત નથી. આ બાબતની વિસ્તૃત સમજુતી માટે આકૃતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે નીચે પ્રમાણે છે. જ્યાં X ધરી પર ભારતની સાક્ષરતાની ટકાવારી પ્રમાણ રજુ કરવામાં આવ્યું છે. અને Y ધરી પર ગુજરાત રાજ્યની સાક્ષરતાની ટકાવારી પ્રમાણ રજુ કરવામાં આવ્યું છે. અહીં બંને એક જ દિશમાં આગળ વધે છે. તેમજ તેનો ઢાળ ધન છે.




## 6. સમાપન

ભારતમાં વસ્તી ગણતરીની વૈજ્ઞાનિક શરૂઆત લોર્ડ મેયો દ્વારા 1881માં કરવામાં આવી હતી. ત્યારબાદ દર દસ વર્ષે ભારતમાં વસ્તી ગણતરી કરવામાં આવે છે. વર્ષ 2011માં છેલ્લે વસ્તી ગણતરી કરવામાં આવી હતી. ત્યારે ભારતની કુલ વસ્તી 121 હતી. જયારે ગુજરાત રાજ્ય વસ્તીની દ્રસ્તીએ સમગ્ર ભારતમાં દસમાં સ્થાને છે. 2011ની વસ્તીગણતરી પ્રમાણે ગુજરાત રાજ્યની કુલ વસ્તી લગભગ છ કરોડ જેટલી છે. ગુજરાતમાં જુદા જુદા પ્રદેશો અનુસાર સૌથી વધારે વસ્તી સૌરાષ્ટ્ર અને કચ્છમાં છે, જયારે સૌથી ઓછી વસ્તી પૂર્વ ગુજરાતમાં છે. સૌરાષ્ટ્ર અને કચ્છમાં વસ્તી સૌથી વધારે હોવા છતાં પણ મૃત્યુની સંખ્યા મધ્ય ગુજરાતમાં સૌથી વધારે છે. સ્થળાંતર અને વસ્તીગીચતા ના સંદર્ભમાં નબળો ધનાત્મક સહસંબંધ જોવા મળે છે. સમગ્ર ગુજરાતમાં સ્થળાંતરમાં પ્રથમ સ્થાને મધ્ય ગુજરાત છે.

## ⌘ સંદર્ભસૂચી


- દેસાઈ જે.એન. (૧૯૮૯),"વસ્તીમ શિક્ષણ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.
- ડૉ. જોશી બી. (૧૯૯૫), " ભારતની વસ્તી : એક વિશ્લેષણાત્મક અભ્યાસ ", યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય
- પ્રો.ક્રિષ્નાબેન (૨૦૧૨) , વસ્તી વિજ્ઞાન અને વલણો"

- મંજુલાબેન દવે (૨૦૧૪), "ગુજરાતની આર્થિક અને પ્રાદેશિક ભૂગોળ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજય.
- ડૉ. બી. કે. ભટ્ટ (૨૦૧૭-૧૮), "સામાજીક ક્ષેત્રનું અર્થશાસ્ત્ર", ન્યુ પોપુલર પ્રકાશન,સુરત.
- દત્ત અને સુંદરમ, (૨૦૧૦)(૪૬મી આવૃતિ) "ભારતીય અર્થવ્યવસ્થા"
- "આર્થિકવિકાસનો ઈતિહાસ", ટી.વાય.બી.એ. પેપર-૧૦, સી.જમનાદાસકંપની, વર્ષ - ૨૦૧૦
- ઉચાટ ડી .એ(૨૦૧૨),"શિક્ષણ અને સામાજીક વિજ્ઞાનમાં સંશોધનનું પધ્ધસતિ શાસ્ત્રે ",પારસ પ્રકાશન, રાજકોટ, ૨૦૧૨
- Thankachan K.J.(૨૦૦૭)"A study on demographic trend in Gujarat", મહાશોધ નિબંધ.
- ગરસર વી.એસ. (૨૦૧૩), "ગુજરાત રાજ્યમાં વસ્તીવૃદ્ધિની તરાહ અને વલણો (૧૦૫૧-૨૦૧૧)", લઘુશોધ નિબંધ, અર્થશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
- પ્રો.અનિલ સોનેજી, આંકડાકીય વિશ્લેષણ, અર્થસંકલન વર્ષ-૪૪, અંક - ૧૨,ડિસેમ્બર,૨૦૧૦
- પ્રો.રસીલા વડસરીયા,"વસ્તી વધારો" અર્થસંકલન, વર્ષ ૪૪, અંક - ૫,ડિસેમ્બક,૨૦૧૦
- District census handbook – Rajkot 2011
- http://en.m.wikipedia.org/wiki/world population
- http://en.m.wikipedia.org/wiki/Gujrat
- http://en.m.wikipedia.org/wiki/ population
- http://en.m.wikipedia.org/wiki/Rajkot
- http://www.google.co.in/amp/www.perreserch.org/fact-tank/2014/07/11/halt the world population – live in the just – 6 countries
- www.census2011.co.in
- www.censusindia.gov.in>2011-common/censusdataonline.html